Saarth E-Journal

Saarth

E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com

www.sarthejournal.com

ISSN NO: 2395-339X | Impact Factor: 6.89

Peer Reviewed | Quarterly

Vol.2, Issue.4 No.19 | Oct. to Dec. - 2017

# વડોદરા રાજ્યના સામાજિક,આર્થિક,શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડનું પ્રદાન

*પ્રા.સુર્યકાંત ડાહ્યાભાઈ નકુમ

## પ્રસ્તાવના :

સમાજ પરિવર્તન રાતોરાત થતું નથી, તેની પ્રક્રિયા અત્યંત લાંબી અને કપરી છે. ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો ગુજરાતમાં બ્રિટીશ શાસનની સ્થાપના થયા બાદ અંગ્રેજ શાસકોએ એક તરફ રેલ્વે, છાપખાના અને તાર ટપાલ જેવા ભૌતિક સાધનોની શરૂઆત કરી.

(*પ્રા.સુર્યકાંત ડાહ્યાભાઈ નકુમ, વ્યાખ્યાતા-ઈતિહાસ આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, બોરસદ, જિ.-આણંદ)

ISSN: 2395-339X
Volume: 2 Issue: 4 Oct. To Dec. 2017

બીજીતરફ તેમણે વ્યક્તિસ્વાતંત્ર્યના મૂલ્યો પર રચાયેલી પ્રગતિશીલ વિચારસરણી વિકસાવી. આવા કારણોસર સુરતમાં દૂર્ગારામ મહેતાજી, દાદોબા પાંડુરંગ અને નર્મદ જેવાં સમાજ સુધારકો પાક્યા અને અમદાવાદમાં મહિપતરામ રૂપરામ,ભોળાનાથ સારાભાઈ અને કવિ દલપતરામ જેવા સુધારકો પેદા થયાં, તેમણે બાળલગ્નો, વિધવાઓ સામે ઝુંબેશ શરૂ કરીને ગુજરાતનું નવનિર્માણ કરવાના પ્રયાસો કર્યાં.આમછતાં ઉપાર્યુક્ત કોઈ સમાજ સુધારકો દલિતો અને આદિવાસીઓ સુધી પહોંચી શક્યા ન હતા, આવું પાયાનું કામ (ઈ.સ.૧૮૬૩-ઈ.સ.૧૯૩૯) હતા. આ શોધપત્રમાં તેમની પ્રવૃતિઓની  છણાવટ પ્રસ્તુત છે.

## સયાજીરાવ  ગાયકવાડની પ્રવૃતિઓ :

ઈ.સ.૧૮૭૫માં જ્યારે સયાજીરાવ ગાદીએ બેઠા ત્યારે તેમની ઉંમર માત્ર ૧૨ વર્ષની હતી. મૂળમાં તેઓ નાસિક જિલ્લામાં આવેલા કવળાણે ગામના એક ખેડૂતપુત્ર હતા.પરંતુ જ્યારે ગાદીવારસનો પ્રશ્ન ઉભો થયો ત્યારે વડોદરાના બ્રિટીશ રેસીડેંન્ટે રાજમાતા જમનાબાઈની સલાહ લઈને બાળખેડૂત ગોપાળરાવ ઉપર તેમની પસંદગી ઉતારી.આ ગોપાળરાવ એ જ મહારાજ સયાજીરાવ ગાયકવાડ. અંગ્રેજ શિક્ષણ શાસ્ત્રીઓ પાશ્ચાત્ય તેમજ ભારતીય સંસ્કૃતિને પાયામાં રાખીને આ બાળરાજાના સંસ્કારનું સિંચન કર્યું.તેને આધારે મહારાજાએ જે સુધારાઓ કર્યા તેનું વર્ણન અને વિશ્લેષણ અત્રે ઉલ્લેખનીય છે.

## સયાજીરાવની દલિત ઉત્કર્ષ પ્રવૃતિઓ :

બાળપણમાંજ્યારે એક ખેડૂતપુત્ર તરીકે ગોપાળરાવ કવળાણે ગામે રમતગમતોમાં ભાગ લેતા હતા તે સમયે તેમના કેટલાયે દલિત બાળગોઠિયાઓ હતા. સયાજીરાવના પિતાએ શરૂ કરેલા

ISSN: 2395-339X
Volume: 2 Issue: 4 Oct. To Dec. 2017

દલિત આંદોલનથી પ્રભાવિત થયા હતા. બાળકે આ અસરો ઝીલી હતી.વળી, ગાદીએ બેઠા બાદ તેમનું શિક્ષણ અંગ્રેજ વિદ્વાનોએ કર્યું હતું.આવા કારણોસર સયાજીરાવે ઈ.સ.૧૮૮૨ મા વડોદરા શહેરમાં એક અત્યંજ શાળા સ્થાપી જેમાં ૨૮ વિદ્યાર્થીઓ ભણતા હતા.તેમણે ઈ.સ.૧૮૮૩મા પાટણ તેમજ વડનગરમાં અંત્યજ શાળાઓ સ્થાપી.તે સમયના સરકારી અહેવાલો મુજબ ઈ.સ. ૧૮૮૪મા વડોદરા રાજ્યમાં જ અંત્યજ શાળાઓ  હતી જેમાં ૮૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતાં.

આવી અંત્યજ શાળાઓ સફળ થતી લાગતા સયાજીરાવે ઈ.સ. ૧૮૮૪-૮૫ માં બીજી ૬ શાળાઓનો ઉમેરો થતાં અંત્યજોની સંખ્યા વધીને ૨૯૦ થઈ.વળી,વડોદરા,નવસારી અને અમરેલીના વિસ્તારોમાંપણ નવી શાળાઓ શરૂ કરી.સમાજ દ્વારા તરછોડાયેલા અને કહેવાતા હરિજન,વણકર,ગરોડા,ચમાર.શેનવા તથા મહાર જાતિના વિદ્યાર્થીઓ તેમાં ભણતા.ઈ.સ.૧૯૧૧ ના વડોદરા રાજ્યના વસ્તીગણતરીના અહેવાલ મુજબ તે સમયે સવર્ણ હિંદુઓની સંખ્યા ૧૬,૯૭,૧૬૦ હતી અને દલિતોની સંખ્યા ૧,૭૩,૧૯૪ હતી.

તે સમયે સવર્ણ વિદ્યાર્થીઓ દલિત વિદ્યાર્થીઓનો ઘણો વિરોધ કરતાં પરંતુ સયાજીરાવે પોતાની નીતિને આગળ વધારવા આત્મારામ અમૃતસરી નામના આર્યસમાજી શિક્ષક અને નેતાને વડોદરા આવવાનું આમંત્રણ આપ્યું. ઈ.સ.૧૯૦૬માં તેઓ વડોદરા આવ્યાઅને તેમણે વડોદરા રાજયમાં પથરાયેલી અંત્યજ શાળાઓનું કુશળતાપૂર્વક સંચાલન કર્યું.સુપ્રસિદ્ધ ગાંધીવાદી દલિત નેતા મૂળદાસ વૈશ્ય,તુલસીદાસ આચાર્ય અને વી.ટી.પરમારને તૈયાર કરનાર આ પ્રખર આર્યસમાજી નેતા હતા.તેમણે સયાજીરાવની સહાયથી અંત્યજ વસ્તીગૃહો અને અત્યંજ શાળાઓનો વિકાસ કર્યો.

ISSN: 2395-339X
Volume: 2 Issue: 4 Oct. To Dec. 2017

સયાજીરાવ ગાયકવાડ શિક્ષિત અંત્યજોને રાજ્યની નોકરીઓ આપતા.કેટલાયે દલિતોને હુન્નર ઉદ્યોગમાં તેમણે તૈયાર કર્યા હતા.હકીકતમાં તો ઈ.સ.૧૯૧૩માં મહાન દલિત નેતા ડો.બાબાસાહેબ આંબેડકરને વિદ્યાર્થી અવસ્થામાં ઈંગ્લેંન્ડ અને અમેરિકા ભણવા મોકલનાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ જ હતા. આમ,સયાજીરાવ ગાયકવાડ દલિતોના સાચા ઉદ્ધારક હતા. મહાત્મા ગાંધીના આગમન પહેલાં ગુજરાતમાં જો કોઈ દલિત ઉદ્ધારની પ્રવૃતિ કરનાર હોય તો તે દૂર્ગારામ મહેતાજી,નર્મદ કે દલપતરામ નહિં પણ મહારાજા સયાજીરાવ ગાયકવાડ હતા.

## સયાજીરાવની આદિવાસી ઉત્કર્ષની પ્રવૃતિઓ :

સયાજીરાવ ગાયકવાડે એ માત્ર દલિત ઉત્કર્ષની પ્રવૃતિઓ જ નહિં પરંતુ આદિવાસી ઉત્કર્ષની પ્રવૃતિઓ પણ કરી હતી. ઈ.સ. ૧૮૮૨માતેમણેનવસારી પ્રાંતમાં પછાત ગણાતા સોનગઢ અને વ્યારા તાલુકાઓમાં ‘ઢાણકા વસ્તીગૃહ’એટલે કે આદિવાસીઓની હોસ્ટેલો શરૂ કરી અને તેની સાથે આદિવાસીઓના ભણતર માટે શાળાઓ શરૂ કરી. તે સમયે દલિતોની જેમ આદિવાસીઓને શિક્ષણ આપવામાં સવર્ણ હિંદુ શિક્ષકો નાનમ ગણતા અને દોઢો પગાર આપવા છતાં કોઈ શિક્ષક દલિતો અને આદિવાસીઓને ભણાવવા માટે શિક્ષકનો ધંધો સ્વિકારવા તૈયાર થતો નહીં. આવા કારણોસર મહારાજાએ ફતેહખાન નામના સેવાભાવી મુસ્લિમ શિક્ષકની પસંદગી કરી અને તેમને તમામ આદિવાસી શિક્ષણ સંસ્થાઓનું સંચાલન કરવાનો હૂકમ કર્યો.તેમણે ઈ.સ.૧૮૯૬ મા અમરસિંહ ગામિત નામના એક આદિવાસીને રેશમ ઉદ્યોગ શીખવવા દક્ષિણ ભારતમાં મોકલ્યો.અમરસિંહ ગામિત આ ઉદ્યોગ શીખી લાવ્યા અને તેને અંગેની તાલિમ અન્ય આદિવાસીઓને આપી.ત્યારબાદ મહારાજાએ દક્ષિણ ગુજરાતનાઆદિવાસીઓના સામાજિક અને આર્થિક જીવનનો અભ્યાસ કરવા માટે પ્રેમાનંદ ધોળીદાસ પટેલ નામના એજ્યૂકેશનલ ઈન્સ્પેકટરને

ISSN: 2395-339X
Volume: 2 Issue: 4 Oct. To Dec. 2017

નવસારી પ્રાંતમાં મોકલ્યા.કેટલાક વર્ષો સુંધી તેમણે આદિવાસીઓની રહેણીકરણીનો અભ્યાસ કર્યો એટલું જ નહિં પણ તેમણે આદિવાસીઓના લોકગીતો,ભજનો,કહેવતો તેમજ રમત ગમતોને સમાવીને એક ગ્રંથ રચ્યો.ઈ.સ.૧૯૦૧મા તેમણે રચેલો ગ્રંથ 'નવસારી પ્રાંતની કાળી પરજ'આજેપણ અભ્યાસની દ્રષ્ટિએ આધારભૂત ગણાય છે.આમ,સયાજીરાવ ગાયકવાડે આદિવાસી ઉત્કર્ષની પ્રવૃતિઓ શરૂ કરીને વિકસાવી હતી.

## સયાજીરાવની આર્થિક વિકાસની પ્રવૃતિઓ :

સયાજીરાવ ગાયકવાડ સાચા આર્થિક રાષ્ટ્રવાદી શાસક હતા. તેમણે 'ગણોતધારા'ને સુધારીને તેમજ કૃષિવિષયક પ્રદર્શનો યોજીને ખેડૂતોને પ્રોત્સાહન પુરું પાડ્યું. વળી, ખેડૂતોના ઉત્તેજન માટે તેમણે વડોદરા રાજ્યમાં 'એક્સ્પરિમેંટલ ફાર્મ્સ'શરૂ કર્યા. જેમાં ઉત્તમ કક્ષાના અનાજ, કઠોળ, શાકભાજી અને ફળો ઉછેરવામાં આવતા.એક જમાનામાં ખુદ સયાજીરાવ પોતે જ ખેડુત હોવાથી ખેડુતોના દુ:ખદર્દથી પરિચીત હતા. ઈ.સ.૧૮૯૯-ઈ.સ.૧૯૦૦ના દુષ્કાળ વખતે તેમણે ખેડૂતોના જમીન-મહેસૂલ માફ કર્યા એટલું જ નહિં પણ તેમને લોન આપીને ખેતીકમ ચાલ્યું રાખ્યું.તે જ પ્રમાણે ઉદ્યોગની બાબતમાં મહારાજા સજાગ હતાં. પ્રજાને દાખલો બેસાડવા ખુદ ઈ.સ.૧૮૮૨મા સુતરાઉ કાપડની મિલ વડોદરામાં સ્થાપી અને જાહેર કર્યું કે, ભવિષ્યમાં જે કોઈ સાહસિકને આમિલ ખરીદવી હોય તેને વ્યાજબી કિંમતથી આપવામાં આવશે.ઈ.સ.૧૯૦૯મા ગુજરાતના પ્રખર સમાજસુધારક,સાહિત્યકાર અને આર્થિક રાષ્ટ્રવાદી હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાએ આ મિલ ખરીદી લીધી અને તેનું સંચાલન કર્યું.આ દષ્ટાંત પરથી સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે કે, મહારાજા આર્થિક દ્રષ્ટિએ પણ પ્રગતિશીલ હતાં. તેમના જ પ્રોત્સાહન હેઠળ આજે દેશવિદેશમાં જાણીતી 'બેંક ઓફ બરોડા'ની ઈ.સ.૧૯૦૭મા સ્થાપના થઈ હતી. ત્યારબાદ

ISSN: 2395-339X
Volume: 2 Issue: 4 Oct. To Dec. 2017

બી.ડી.અમીન, પ્રો. ગજ્જર અને કોટીભાસ્કર નામના પ્રયોજકોએ દવાનું કારખાનું સ્થાપવાનો નિર્ણય કર્યો. જે જમાનામાં અંગ્રેજો આવા ઉદ્યોગો માટે કિફાયત ભાવે જમીન આપતા અચકાતા હતા. તે જમાનામાં સયાજીરાવની મદદની આશાએ આ ત્રણેય પ્રયોજકો તેમને મળ્યા.સયાજીરાવ તો ખુશ થઈ ગયા કારણકે તેઓ ઈચ્છતા હતા કે, તેમના રાજ્યમાં નવા-નવા ઉદ્યોગો સ્થપાય.મહારાજાએ મફતને ભાવે વિશાળ જમીન ફાળવી એટલું જ નહિં પણ ઉદ્યોગ માટે જરૂરી એવી પાણીની સવલત પણ કરી આપી. મહારાજાની આવી ઉત્તેજક નીતિને પરિણામે ઈ.સ.૧૯૦૯મા 'એલેમ્બિક કેમિકલ્સ વર્કસ'ની સ્થાપના થઈ જે આજે દેશવિદેશમાં પ્રતિષ્ઠિત સ્થાન ધરાવે છે.

## સયાજીરાવની શૈક્ષણિક પ્રવૃતિઓ :

સયાજીરાવ દ્રઢપણે માનતા હતા કે, આર્થિક અને સામાજિક વિકાસના પાયામાં શિક્ષણ છે. આવા કારણોસર જ તેમણે પ્રાથમિક કક્ષાથી શરૂ કરીને કોલેજ માટેનો પ્રબંધ કર્યો હતો.ઉ.દા. તરીકે તેમણે ઈ.સ.૧૮૯૨મા શૈક્ષણિક અખતરો કરવા અમરેલી તાલુકો પસંદ કરીને મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો પસાર કર્યો હતો. આ એક ક્રાંતિકારી પગલું હતું. કારણકે તમામ બાળકો માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હતું જે બાળકો દિવસો સુધી શાળામાં ગેરહાજર હોય તેમના માતા-પિતાનો દંડ થતો અને જે નિયમિત રીતે હાજરી પુરાવે તેને સ્લેટ-પેન,નોટ અને પેંસિલ વગેરે ભેટમાં આપીને ઉત્સાહ આપવામાં આવતો. આ કાયદો અસરકારક જણાતાં મહારાજાએ ઈ.સ.૧૯૦૬મા કાયદો સમગ્ર રાજ્યને લાગુ પાડ્યો. અલબત, જ્યાં સુંધી લોકોમાં જાગૃતિ ના આવે ત્યાં સુંધી જ. માત્ર કાયદા દ્વારા સમાજ પરિવર્તન થતું નથી. આમછતાં મહારાજાની મુક્ત અને ફરજિયાત શિક્ષણની નીતિની ઘણી વિધાયક અસરો પડી.

ISSN: 2395-339X
Volume: 2 Issue: 4 Oct. To Dec. 2017

ઈ.સ.૧૮૭૯મા ઉચ્ચશિક્ષણ માટે સયાજીરાવે બરોડા આર્ટ્સ એન્ડ સાયંસ કોલેજ શરૂ કરી જેનું રૂપાંતર આજે પ્રખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં થયું છે. ઈ.સ.૧૯૪૯મા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ.એસ.યુનિ.) અસ્તિત્વમાં આવી અને તેના પ્રથમ વાઈસ ચાંસેલર હંસાબેન મહેતા હતા. પણ સંતોષની વાત એ છે કે, આ જ હંસાબેન મહેતા વિદ્યાર્થીકાળમાં વડોદરા કોલેજમાં જ ભણ્યા હતા અને આ કોલેજમાંથી જ મુંબઈ યુનિવર્સિટીની બી.એ.ની ડિગ્રી ઈ.સ.૧૯૧૮મા હાંસલ કરી હતી. વળી, મહારાજાએ સ્ત્રી શિક્ષિકાઓને ઉત્તેજન આપવા ઈ.સ.૧૯૧૨મા સ્ત્રી અધ્યાપન પાઠશાળા શરૂ કરી. એક જમાનામાં અંગ્રેજો મુખ્યત્વે આર્ટ્સ કોલેજોને ઉત્તેજન આપતાં પરંતુ સયાજીરાવે વિચાર કર્યો કે જ્યાં સુંધી ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનું શિક્ષણ આપવામાં નહિ આવે ત્યાં સુંધી ભારતનું ધન ઈંગ્લેન્ડમાં ઠલવાયા કરશે. અગાઉ દાદાભાઈ નવરોજીએ પણ ‘આર્થિક રાષ્ટ્રવાદ’વિશે ચિંતન કર્યું હતું. પણ તેને આકાર આપનાર તો સયાજીરાવ હતા.

સયાજીરાવે ઈ.સ.૧૮૮૬મા પ્રખ્યાત વૈજ્ઞાનિક ટી.કે.ગજ્જરની નિમણુંક બરોડા સાયંસ કોલેજના કેમેસ્ટ્રીના પ્રોફેસર તરીકે કરી. પ્રો. ગજ્જર પણ સયાજીરાવના વિચારોને માનની નજરે જોતા તેથી તેમણે સયાજીરાવનો સંપર્ક કરીને ઈ.સ.૧૮૯૦મા વડોદરા શહેરમાં ટેકનિકલ ઈન્સટિટ્યુટ સ્થાપી જે ‘કલાભવન’તરીકે ઓળખાતી.તેમાં મિકેનીકલ ડ્રોઈંગ અને હુન્નરઉદ્યોગનું શિક્ષણ અને તાલીમ આપવામાં આવતાં. કેટલાયે ખેડૂતો, આદિવાસીઓ, દલિતો અને સુથાર તથા લુહાર જેવા યુવાનો કલાભવનમાં જોડાયાં.પણ તેમને અંગ્રેજી આવડે નહિં તેથી મહારાજાએ ‘સયાજી-જ્ઞાનમંજૂષા સિરીઝ’ શરૂ કરીને ટેકનોલોજીના કેટલાયે ગ્રંથોના અંગ્રેજીમાંથી ગુજરાતીમાં

ISSN: 2395-339X
Volume: 2 Issue: 4 Oct. To Dec. 2017

અનુવાદો કરાવ્યા અને વળી, પ્રયોગો માટે પ્રયોગશાળાઓ તેમજ વર્કશોપ્સની સ્થાપના કરી. આમ, સયાજીરાવ ગાયકવાડે શૈક્ષણિક વિકાસના સાચાં બીજ રોપ્યાં અને વિકસાવ્યાં હતાં.

## સયાજીરાવની સાંસ્કૃતિક પ્રવૃતિઓ :

વડોદરા નગરનું આધુનિકીકરણ કરનાર સયાજીરાવ ગાયકવાડ હતાં.તેમણે ન્યાયમંદિર,માંડવી, લહેરીપુરા, કોઠી-કચેરી, રાવપુરા ટાવર, કમાટીબાગ(સયાજીબાગ) કિર્તીમંદિર,જ્યુબિલીબાગ ઉપરાંત સુંદર અને આલીશાન રસ્તાઓના બાંધકામ દ્વારા વડોદરા નગરને શણગાર્યું. બરોડા કોલેજના વિશાળ કેમ્પ્સ શરૂ કરનાર પણ મહારાજા સયાજીરાવ હતા. બરોડા મ્યુઝિયમ અને સયાજી વિહાર ક્લબની સ્થાપના પણ તેમણે જ કરી.

સયાજીરાવ સંગીતના ભારે શોખીન હતા. તેથી તેઓ અલ્લાહબક્ષ નામના ગ્વાલિયરનાં ગવૈયાને વડોદરા લઈ આવ્યા અને તેની નિમણુંક મ્યુઝિક કોલેજના પ્રોફેસર તરીકે કરી. ત્યારબાદ ઈ.સ.૧૯૧૪મા તેમણે વિશ્વવિખ્યાત ગવૈયા ફૈયાઝખાનને આમંત્રણ આપીને વડોદરા બોલાવ્યા અને તેમની નિમણૂંક દરબારી ગવૈયા તરીકે કરી. ઉસ્તાદ ફૈયાઝખાનને મહારાજાની મદદથી અખિલ હિંદ શાસ્ત્રીય સંગીત કોન્ફરન્સનું આયોજન કર્યું. વાંચન તરફ્ફ આકર્ષવા મહારાજાએ વળી વડોદરામાં સેન્ટ્રલ લાયબ્રેરીની સ્થાપના કરી. આમ,સયાજીરાવ ગાયકવાડ વડોદરાના સાંસ્કૃતિક ઉત્થાનના મોટા પ્રવર્તક હતાં.

## સમાપન :

મહારાજા સયાજીરાવ ગાયકવાડે ખેતી, વ્યાપાર, ઉદ્યોગ અને બેંકિંગના ક્ષેત્રમાં ખુબ મોટું પ્રદાન કર્યું હતું. આજે ૨૧મી સદીમાં ગુજરાત રાજ્યે આર્થિક વિકાસની મોટી સિંહફાળ ભરી છે.

ISSN: 2395-339X
Volume: 2 Issue: 4 Oct. To Dec. 2017

પરંતુ પ્રસ્તુત શોધપત્રની દ્રષ્ટિએ એક બાબત ખાસ સમજવા જેવી છે કે, બ્રિટીશ શાસન દ્વારા એકતરફ સમાજપરિવર્તનની નવી દિશા ખુલી હતી તો બીજી તરફ બ્રિટીશરો દ્વારા હિંદનું દ્રવ્ય અપહરણ થયું હતું.આવા સંજોગોમાં સમાજ પરિવર્તન ઉપરાંત આર્થિક વિકાસની સાચી દિશા શરૂ કરીને વડોદરા રાજ્યને જો નમૂનેદાર બનાવવામાં જો કોઈ હોય તો તે મહારાજા સયાજીરાવ ગાયકવાડ હતાં. તેમનું અવસાન ઈ,સ, ૧૯૩૯મા થયું હતું. જેવો આજે દૂરંદેશી સમાજ ચિંતક સંસ્થા સ્થાપક,દલિતો-આદિવાસીઓના ઉદ્ધારક તરીકે ખરા અર્થમાં રાષ્ટ્રવાદી શાસક કહેલાયા.

## સંદર્ભસૂચિ /પાદટીપ :-

1. વડોદરારાજ્ય,સયાજી ગૌરવગ્રંથ (વડોદરા,૧૯૩૬)
2. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ,વડોદરા રાજ્યની વસ્તીગયત્રી સંક્ષિપ્તમાં અહેવાલ (વડોદરા,૧૯૧૨)
3. મકરંદ મહેતા હિંદુ વર્ણવ્યવસ્થા સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો (અમદાવાદ,૧૯૯૫)
4. ડો.સુમંન્ત મહેતા,આત્મકથા (અમદાવાદ,૧૯૭૧)
5. હિરક મહોત્સવ સમિતિ,શ્રી સયાજીરાવ હિરક મહોત્સવ નિવેદન,ભાગ-૧,મહોત્સવની ઉજવણી (વડોદરા,૧૯૩૫)
6. વડોદરા રાજ્ય,શ્રી મહારાજા સયાજીરાવ ગાયકવાડ ઈઓશ્રીના વ્યાખ્યાનો અને ભાષણો,બે ભાગમાં (વડોદરા,૧૯૩૫)
7. રમેશનાથ ગૌતમ,વડોદરા રાજ્યની સમાજિક સેવાઓ (વડોદરા,૧૯૪૧)
8. પ્રેમાનંદ ધોળીદાસ પટેલ,નવસારી પ્રાંતની કાળીપરજ (વડોદરા,૧૯૦૧)

ISSN: 2395-339X
Volume: 2 Issue: 4 Oct. To Dec. 2017

9. અંબુભાઈ પટેલ,વડોદરા જિલ્લામાં પુસ્તકાલય પ્રવૃતિ (વડોદરા,૧૯૫૦)
10. ઈશ્વરદાસ મશરૂવાળા,વડોદરાના રાજ્યકર્તા (વડોદરા,૧૯૦૫)
11. મધુસુદન પઢિયાર,ગુજરાતના સામાજિક,આર્થિક અને રાષ્ટ્રીય ઉત્થાનમાં હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાનું પ્રદાન. (અપ્રકાશિત પીએચ.ડી. થિસીસ,ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ,૧૯૮૯)